| | | |
|---|---|---|
| ૧ | સંગીત | ગાયન, વાદન અને નૃત્ય આ ત્રણે કળાના સુમેળને સંગીત કહેવાય છે. |
| ૨ | આરોહ | સ્વરોને ચડતા ક્રમમા ગાવા કે વગાડવાની ક્રિયાને આરોહ કહેવાય છે. દા.ત - સા રે ગ મ પ ધ |
| ૩ | અવરોહ | સ્વરોને ઉતરતા ક્રમમા ગાવા કે વગાડવાની ક્રિયાને અવરોહ કહેવાય છે. દા.ત - સાં ની ધ પ મ |
| ૪ | પકડ | ઓછામાં ઓછા સ્વરોનો એવો સ્વર સમુદાય કે જેના દવરા રાગને સરળતાથી ઓડખી શકાય તો તેવા સ્વર સમુદાય ને પકડ કહે છે. |
| ૫ | નાદ | સંગીત ઉપયોગી મધુર અવાજને નાદ કહે છે. જેની આંદોલન સંખ્યા નિયમિત હોય છે. દા.ત. લોલક |
| ૬ | ઘોંઘાટ | સંગીત બીન ઉપયોગી કર્કશ અવાજને ઘોંઘાટ કહે છે. જેની આંદોલન સંખ્યા અનિયમિત હોય છે. દા.ત. ટ્રાફિક નો અવાજ |
| ૭ | શુધ્ધ સ્વર | જે સ્વરો પોતાની મુળ શ્રુતિ પર ગાવા કે વગાડવામાં આવે તો તેને શુધ્ધ સ્વરો કહેવાય છે. શુધ્ધ સ્વરોને ઓળખવાની કોઇ નિશાની હોતી નથી. |
| ૮ | વિકૃત સ્વર | જે સ્વરો પોતાની મુળ શ્રુતિ કરતાં નીચે અથવા ઉપર ગાવા કે વગાડવામાં આવે તો તેને વિકૃત સ્વરો કહે છે. વિકૃત સ્વરોના બે પ્રકાર છે. ૧. કોમળ સ્વર ૨. તિવ્ર સ્વર |
| ૯ | કોમળ સ્વર | જે સ્વરો પોતાની મુળ શ્રુતિ કરતાં નીચે ગાવા કે વગાડવામાં આવે તો તેવા સ્વરોને કોમળ સ્વરો કહેવામાં આવે છે. કોમળ સ્વરોને ઓડખવા માટે સ્વરોની નીચે આડી લીટી કરવામાં આવે છે. કોમળ સ્વરો ૪ છે. રે , ગ, ધ, ની |
| ૧૦ | તિવ્ર સ્વર | જે સ્વરો પોતાની મુળ શ્રુતિ કરતાં ઉપર ગાવા કે વગાડવામાં આવે તો તેવા સ્વરોને તિવ્ર સ્વરો કહેવામાં આવે છે. તિવ્ર સ્વરોને ઓડખવા માટે સ્વરોની ઉપર ઉભી લીટી કરવામાં આવે છે. તિવ્ર સ્વર ૧ છે. મ ’ (મધ્યમ) |
| ૧૧ | ચલ સ્વર | જે સ્વરો પોતાની મુળ શ્રુતિ કરતાં નીચે અથવા ઉપર ગાઇ કે વગાડી શકાય તો તેને ચલ સ્વરો કહે છે. ચલ સ્વરોની સંખ્યા ૫ છે . રે, ગ, મ, ધ, ની |
| ૧૨ | અચલ સ્વર | જે સ્વરો પોતાની મુળ શ્રુતિ કરતાં ઉપર કે નીચે ગાઇ કે વગાડી ન શકાય તેવા સ્વરોને અચલ સ્વર કહે છે. સ્ચલ સ્વરો ૨ છે. સા અને પ |
| ૧૩ | સપ્તક | સાત સ્વરોના સમુહને સપ્તક કહેવાય છે. આમ તો એક સપ્તક માં કુલ ૧૨ સ્વરો હોય છે પરંતુ તેમાં મુખ્ય સ્વરોની સંખ્યા ૭ હોય છે. સપ્તક ત્રણ છે. ૧. મંદ્ર સપ્તક, ૨. મધ્ય સપ્તક ૩. તાર સપ્તક |
| ૧૪ | મંદ્ર સપ્તક | જે સપ્તકનાં સ્વરોનો ગાવા કે વગાડવામાં માં અવાજ ખુબજ નીચો હોય ( ધીમો હોય) તો તેવા સ્વરોને મંદ્ર સપ્તકનાં સ્વરો કહેવાય છે. મંદ્ર સપ્તકનાં સ્વરોની આંદોલન સંખ્યા ખુબ ઓછી હોય છે. મંદ્ર સપ્તકનાં સ્વરોને ઓડખવા માટે સ્વરોની નીચે બિંદુ કરવામાં આવે છે. મંદ્ર સપ્તકનાં સ્વરોનો ગાવામાં અવાજ નાભી સ્થાન માંથી આવે છે. |
| ૧૫ | મધ્ય સપ્તક | જે સપ્તકનાં સ્વરોનો ગાવા કે વગાડવામાં અવાજ મંદ્ર સપ્તક કરતાં બમણો હોય તો તેવા સ્વરો ને મધ્ય સપ્તકનાં સ્વરો કહેવાય છે. મધ્ય સપ્તકનાં સ્વરોની ગાવામાં આંદોલન સંખ્યા મંદ્ર સપ્તકનાં સ્વરો કરતાં બમણી હોય છે. મધ્ય સપ્તકનાં સ્વરોને ઓડખવા માટે કોઇ નિશાની હોતી નથી. મધ્ય સપ્તકનાં સ્વરોનો ગામાં અવાજ કંઠ સ્થાનમાંથી આવે છે. |

| | | |
|---|---|---|
| ૧૬ | તાર સપ્તક | જે સપ્તકનાં સ્વરોનો ગાવા કે વગાડવામાં અવાજ મધ્ય સપ્તક કરતાં બમણો હોય તો તેવા સ્વરો ને તાર સપ્તકનાં સ્વરો કહેવાય છે. તાર સપ્તકનાં સ્વરોની ગાવામાં આંદોલન સંખ્યા મધ્ય સપ્તકનાં સ્વરો કરતાં બમણી અથવા મંદ્ર સપ્તકનાં સ્વરો કરતાં ચાર ગણી હોય છે. તાર સપ્તકનાં સ્વરોને ઓડખવા માટે સ્વરોની ઉપર બિંદુ કરવામાં આવે છે. તાર સપ્તકનાં સ્વરોનો ગામાં અવાજ મસ્તિક અથવા તાળવા માંથી આવે છે. |
| ૧૭ | લય | ગાયન કે વાદનની એક સરખી ગતિને લય કહેવામાં આવે છે. |
| ૧૮ | તાલ | લયને માપવાના સાધનની તાલ કહેવામાં આવે છે. |
| ૧૯ | સમ | તાલની પહેલી માત્રાને સમ કહેવામાં આવે છે. તાલ માં સૌથી વધુ વજન સમ પર આપવામાં આવે છે. |
| ૨૦ | આવર્તન | તાલનાં એક પૂરા ચક્રને આવર્તન કહેવામાં આવે છે. |
| ૨૧ | વાદી સ્વર | જે સ્વરનો ઉપયોગ રાગમાં સૌથી વધુ કરવામાં આવ્યો હોય તો તેવા સ્વરને રાગનો વાદી સ્વર અથવા રાગનો મુખ્ય સ્વર પણ કહેવાય છે. વાદી સ્વરને રાગનો રાજા પણ કહેવામાં આવે છે. |
| ૨૨ | સંવાદી | વાદી સ્વર પછી જે સ્વરનો ઉપયોગ રાગમાં સૌથી વધુ થયો હોય તો તેવા સ્વરને રાગનો સંવાદી સ્વર કહેવામાં આવે છે. વાદી સ્વરને મદદ કરતાં સ્વરને સંવાદી સ્વર કહેવામાં આવે છે. સંવાદી સ્વરને રાગનો વજીર પણ કહેવામાં આવે છે. |
| ૨૩ | વર્જિત સ્વર | જે સ્વરાનો રાગમાં ઉપયોગ જ ના થયો હોય તો તેવા સ્વરને રાગનો વર્જિત સ્વર કહેવામાં આવે છે. |
| ૨૪ | વિવાદી સ્વર | રાગ માં વર્જિત હોય છતાં તેનો ઉપયોગ કરવામાં આવે જેના કારણે રાગની રંજકતામાં વધારો થાય તો તેવા સ્વરને વિવાદી સ્વર કહેવામાં આવે છે. |
| ૨૫ | રાગ જાતિ | રાગના આરોહ અવરોહ માં આવતી સ્વરોની સંખ્યાને ધ્યાનમાં લઇ ને રાગની જાતિ નક્કી કરવામાં આવે છે. રાગની મુખ્ય ૩ જાતિ અને કુલ ૯ પેટા જાતિ છે. ૫ સ્વરો માટે ઓડવ, ૬ સ્વરો માટે ષાડવ અને ૭ સ્વરો માટે સંપૂર્ણ |
| ૨૬ | થાટ | સ્વરોનો એવો સ્વર સમુદાય કે જેમાંથી રાગ ઉતપન્ન થઇ શકે તો તેવા સ્વરોના સમુહને થાટ કહેવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાની પધ્ધતિમાં કુલ ૧૦ થાટ છે. |
| ૨૭ | પ્રહર | ૨૪ કલાકનાં દિવસને ૩-૩ કલાક માં વહેચણી કરવામાં આવે છે જેને પ્રહર કહેવામાં આવે છે. એક પ્રહર ૩ કલાકનો હોય છે. પ્રહર કુલ ૮ છે. ૪ દિવસનાં અને ૪ રાત્રિનાં. દિવસનો પ્રથમ પ્રહર સવારે ૭ થી ૧૦ નો ગણવામાં આવે છે. |
| ૨૮ | તાલી | તાલ બોલતી વખતે જે સ્થાન પર હાથથી તાળી આપવામાં આવે છે તેને તાલી અથવા ભરી કહેવાય છે. તાલમાં સમ પછી સૌથી વધુ વજન તાલી પર આપવમાં આવે છે. |
| ૨૯ | ખાલી | તાલ બોલતી વખતે જે સ્થાન પર હાથથી ખાલી આપવામાં આવે છે તેને ખાલી કહેવાય છે. તાલમાં તાલી પછી સૌથી વધુ વજન ખાલી પર આપવમાં આવે છે. |